JAIN KRANTI
જૈન ક્રાંતિ
Vol. 16 | Issue 10 | Mumbai | February - 2026| Price Rs. 5/- | Pages : 28



મારા પ્રભુએ કહ્યું છે...

આવો...
સર્વજ્ઞ પ્રભુ મહાવીરે જે આગમ ગ્રંથમાં દર્શાવ્યું છે,
તેને આપણે આપણું સ્વયંનું આત્માગમ બનાવીએ !
‘‘જે આત્માગમ મને વારંવાર જગાડે અને
મારી અંદર ભવોભવના સુસંસ્કારોનું સિંચન કરી દે !’’

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
શ્રી રતિલાલજી મહારાજ સાહેબની
28th પુણ્ય સ્મૃતિ
ગુણાનુરાગ પ્રાગટ્ય અવસરે

કૃપાપાત્ર શિષ્ય રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના
અંતરભાવ

એક આત્મા તરે,
અનેક આત્માઓને તારે !

જેમની આંખોમાંથી **પ્રેમ** અને **પ્રજ્ઞાની** ધારા વહેતી હોય,
જેમના શ્રી હસ્તમાંથી સતત **કૃપાનો current** વહેતો હોય,
જેમના પરમ શરણમાં **શુદ્ધિ** અને **સિદ્ધિના** બીજ વવાતા હોય,
એ હોય સિદ્ધપુરુષ !

આવા અમારા અસીમ ઉપકારી, સિદ્ધપુરુષ
તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ અમારા માટે
માત્ર પ્રાત:સ્મરણીય નહીં પણ **પળ પળ સ્મરણીય** છે
અને પ્રત્યેક સ્મરણે અમારી એમના પ્રત્યેની શ્રદ્ધાના
percentage વધતાં ને વધતાં જાય છે.

અમે ભલે બાહ્ય આંખોથી એમની આકૃતિના દર્શન ઓછા કર્યા છે
પણ અંતરની આંખોથી અમે એમના આત્માના **સતત દર્શન** કર્યા છે.

આત્માથી આત્માનું **આત્મિક connection** કર્યું છે.
એમની **આત્મિક ઉર્જાને** અનુભવી છે,
એમના **આત્મગુણોને નિહાળી,**
અંતરમાં અત્યંત **અહોભાવ પ્રગટાવ્યો** છે.
એમના ગુણોના **અનુરાગી** બન્યાં છીએ !

મારા ઉપકારી ગુરુદેવને જેવો ઓળખતાં નથી
તેઓને મારા **ગુરુદેવના ગુણોનો પરિચય** કરાવવો
એ જ અમારી **ગુરુભક્તિ** અને **ગુરુ સમર્પણતા** છે !

2014 2024

અભિવંદનાની અમી વર્ષા

માત્ર 10 વર્ષમાં

54 વર્ષની ઉંમર અને 34 વર્ષની દીક્ષા પર્યાયમાં

59 પુણ્યઆત્માઓને દીક્ષાના દિવ્ય દાન અર્પણ કરી,

પ્રભુના પંથે પા..પા પગલી કરાવી, પ્રભુ પથગામી બનાવનાર, પ્રભુના પંથના પથિક

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબને 35th દીક્ષા જયંતિ અવસરે

સંયમ શુભેચ્છા અભિવંદના અવસરે અંતરભીની અભિવંદનાની અમી વર્ષા અર્પણમ્ !

JAIN KRANTI
જૈન ક્રાંતિ
5th February 2026, YEAR: 24, ISSUE - 299

PAGES : 24 + 4 • RETAIL PRICE : ₹ 5

જીવનની આ યાત્રામાં અનેક problems, વિટંબણાઓ
બધાની lifeમાં આવતા હોય છે પરંતુ આપણો સૌથી મોટો problem એ છે
કે problemને સમજાતાં સમજાતાં solutionનો સમય નીકળી જાય છે
અને પછી anger, stress, anxiety, depression
જેવી side effects જીવનમાં પ્રવેશી જાય છે.

પણ જો problem આવે એ પહેલાં જ solution ખબર હોય તો ?
તો જીવનના કોઈપણ problemને face કરવું સહેલું બની જાય.

આ શક્ય કેવી રીતે બને ?

**ભગવાન મહાવીરે 2600 વર્ષ પહેલાં
જીવનમાં problem જ ન આવે તેવી જીવનશૈલી અને
problems આવે તો તે દરેક problemના solutions
આગમમાં દર્શાવ્યા છે.**

આજ સુધી આપણે ભગવાનને તપસ્વી, યોગી, ત્યાગી, તીર્થંકરરૂપે
જાણ્યા છે, સમજ્યા છે. પણ આજથી આપણે ભગવાને
ફરમાવેલા secretsને સમજવાનો પુરુષાર્થ કરવાનો છે.

તે માટે વાંચો... જૈન ક્રાંતિનો આ અંક... **‘મારા પ્રભુએ કહ્યું છે...’**
એમાં અક્ષરાંકિત નાના - નાના સૂત્રોને જાણો, સમજો અને હૃદયસ્થ કરો...
સમય સમયે apply નહીં કરવું પડે, automatically થઈ જશે !

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

: SUBSCRIPTION :

LIFE TIME (WITHIN INDIA)	:	₹ 2500
FOR 2 YRS. (WITHIN INDIA)	:	₹ 500
LIFETIME (INTERNATIONAL)	:	₹ 20000
FOR 1 YR. (INTERNATIONAL)	:	₹ 2500

**આપશ્રીને ‘જૈન ક્રાંતિ’ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : +91-9324808181**

**TO KNOW MORE ABOUT
PUJYA GURUDEV
CONTACT ON: +91-9860905678**

Remember WHEN

જ્યારે તમારી Lifeમાં sudden downfall થાય, Financial crisis આવે ત્યારે...

विवत्ती अविणीयस्स, संपत्ती विणियस्स य

- શ્રી દશવૈકાલિક સૂત્ર, અધ્યયન 9, ઉદ્દેશક 2, ગાથા 22

પ્રભુ એ કહ્યું છે,

અવિનીતના જીવનમાં વિપત્તિ આવે છે અને વિનીતને દરેક જગ્યાએ સફળતા મળે છે. જ્યાં વિનય છે ત્યાં વિજય છે. **જ્યાં અવિનય છે ત્યાં પરાજય છે.** ગુણવાન અને વિનયવાનની સંપત્તિ શુભ અને સ્થિર હોય છે. જ્યારે અહંકારી-અવિનીતને પ્રાપ્ત થયેલી સંપત્તિ લાંબો સમય રહેતી નથી, તેના હાથથી દરેક શ્રેષ્ઠતા ચાલી જાય છે. વિનય એ વ્યક્તિની ગુણસંપત્તિ છે, વિનય સર્વ ક્ષેત્રે શ્રેષ્ઠતાની પ્રાપ્તિ કરાવે છે. વિનયવાનને સંપત્તિ સામે ચાલીને વરે છે, અવિનીત પાસેથી સંપત્તિ મોઢું ફેરવી લે છે. જે જીવ વિનયવાન બને છે, તે જીવ આત્મિક અને ભૌતિક સર્વ પ્રકારે સમૃદ્ધિ પામે છે.

Check Once!

જે Fieldમાં તમે પુરુષાર્થ કરી રહ્યા છો, શું તેમાં તમને કોઈ અડચણ કે problems આવે છે ? તો alert, નજીકના સમયમાં તમારાથી કોઈ ગુરુજન, મહાત્મા, ઉપકારીનું કે વડીલનું દિલ તો નથી દુભાયું ને ? કોઈનો અવિનય તો નથી થયો ને ?

જ્યારે તમને comparison & jealousy થાય ત્યારે

पत्तेयं पुण्णपावं

- શ્રી દશવૈકાલિક સૂત્ર, ચૂલિકા 1

પ્રભુ એ કહ્યું છે,

દરેક વ્યક્તિના પુણ્ય અને પાપ પોતાના જ હોય છે. જગત પોતાના દુ:ખથી દુ:ખી થાય તેના કરતાં પણ બીજાના સુખથી વધારે દુ:ખી થાય છે. જ્યારે બીજાનું સુખ જોઈ jealousy થાય છે, comparison થાય છે, દુ:ખી થાવ છો ત્યારે તમારા પુણ્ય પણ પાપમાં convert થઈ જાય છે. કારણ કોઈના પુણ્યમાં, કોઇની પ્રાપ્તિમાં comparison કે jealousy કરવી તે પોતાના પાપને વધારવાનો માર્ગ છે અને કોઈના પુણ્યમાં ખુશ થવું તે પોતાના પાપને ઘટાડવાનો ઉપાય છે. દરેક વ્યક્તિના, દરેક પળના પુણ્ય અને પાપ અલગ- અલગ હોય છે. ક્યારેય બધાના પુણ્ય અને પાપ સરખા ન હોય. અત્યારે પુણ્યનો ઉદય ચાલુ હોય તો એક કલાક પછી પાપનો ઉદય પણ થઈ શકે છે.

યાદ રાખજે हे जीव!

પ્રાપ્તિ સાથે પાત્રતા પણ એટલી જ જરૂરી હોય છે. પાત્રતા હશે તો પુણ્ય પાપમાં convert નહીં થાય. માટે પ્રભુના સિદ્ધાંતને mindમાં set કરી લ્યો, **મને જ્યારે, જ્યાં, જેટલું, જેવું અને જે મળે તે બધું મારા કર્મ અનુસાર જ મળે છે.** મારી થાળીમાં મારું બનાવેલું ભોજન જ પીરસાય છે, **માટે મારે બીજાનું જોઈને બળવું નથી અને પોતાનું નબળું ગણવું નથી.**

ઉત્સાહથી **પ્રારંભ કરેલા કાર્યમાં સફળતા ન મળતી દેખાય** ત્યારે..

॥ जाए सद्धाए णिक्खंतो, तमेव अणुपालिया ॥

- શ્રી આચારાંગ સૂત્ર, અધ્યયન 1, ઉદ્દેશક 3

પ્રભુએ કહ્યું છે,

જે કાર્યનો શ્રદ્ધા અને ઉત્સાહથી પ્રારંભ કરો, તેને અંત સુધી એ જ નિષ્ઠા અને નિયમિતતાથી નિભાવવું જોઈએ. સાધનાનો અર્ક શરૂઆતમાં નહીં, પરંતુ સતત નિષ્ઠામાં પ્રગટ થાય છે.

ઉત્સાહથી શરૂઆત કરવી સહેલી છે, પરંતુ અંત સુધી અડગ રહેવું એ જ સાચું આચરણ છે.

ઉત્સાહ અને શ્રદ્ધા એ તો મંઝિલ સુધીના માર્ગમાં fuel જેવું છે. જો fuel જ નહીં હોય તો મંઝિલ સુધી કેવી રીતે પહોંચશો ?

યાદ રાખજે હે જીવ!

**સાધનાના માર્ગ પર
કસોટીની સોટી તો ખાવી જ પડે,
પણ તમે હારતા નહીં, થાકતા નહીં,
તમારા ઉત્સાહ અને શ્રદ્ધાને વધારી દો.
પછી જોવો..
મંઝિલ તમારી નજીક જ છે !**

Revisit when, જ્યારે ઘણા કાર્યમાં **કોને priority** આપવી તેવું **confusion** થાય ત્યારે...

॥ अट्ठजुत्ताणि सिक्खिज्जा, णिरट्ठाणि उ वज्जए ॥

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન 1, ગાથા 8

પ્રભુએ કહ્યું છે,

અર્થને પકડો; વ્યર્થને છોડો.

આપણે જે પણ જોઈએ અને જે પણ સાંભળીએ તેમાંથી જે આપણા ગુણોની વૃદ્ધિ કરાવે તેને યાદ રાખી, નિરર્થકને ભૂલી જવું. **નિરર્થક વિષયને જે યાદ રાખે છે, તે યાદ રાખવા જેવું બધું ભૂલી જાય છે.**

આ સૂત્ર right choice કરતાં શીખવે છે - જે કાર્યમાં અર્થ, ગુણ અને આંતરિક મૂલ્ય હોય, તેમાં આગળ વધો. જે નિરર્થક છે, તેમાં સમય અને શક્તિ વેડફશો નહીં.

સંજોગો- સ્થિતિ કોઈપણ હોય તેમાંથી મારા માટે કામનું શું અને નકામું શું ? આ filter કરીને સારભૂત તત્ત્વ ગ્રહણ કરવું જોઈએ.

યાદ રાખજે હે જીવ!

**અર્થસભર ગ્રહણ કરીશ
તો જીવન પણ અર્થસભર બનશે.
નિરર્થક ગ્રહણ કરનારનું
જીવન નિરર્થક બને છે !**

Reflect When

જ્યારે તમે વારંવાર over thinking કરો ત્યારે..

|| अभिक्खणं काउसग्गकारी ||

શ્રી દશવૈકાલિક સૂત્ર, ચૂલિકા 2, ગાથા 7

પ્રભુ એ કહ્યું છે,

પોતાના વિચારોથી disconnect થવા વારંવાર કાઉસગ્ગ કરવો જોઈએ.

મિનિટો માટે ભજવાતી તે ઘટના મનમાં કલાકોના કલાકો, દિવસોના દિવસો અને મહિનાઓના મહિનાઓ સુધી ચાલ્યા કરે છે. એકને એક ઘટનાને વારંવાર વિચારવાથી મનની શક્તિ વેડફાય છે અને negative દિશામાં આગળ વધવા લાગે છે.

વર્તમાનની ઘટનાથી disconnect થવાની ભગવાને master key શિખવાડી છે, Every 48 minutesમાં એકવાર કાઉસગ્ગ કરવો.

વારંવાર કાઉસગ્ગ કરવાથી concentration increase થાય છે, work fast અને accurate થાય છે અને memory cells recharge થવાથી, memory power વધવા લાગે છે.

યાદ રાખજે હે જીવ !

જો તમારે over thinkingથી બચવું હોય તો,
વારંવાર કાયોત્સર્ગ કરી,
પ્રભુ સાથે connection કરીને
તારા pastથી disconnect થઈ જવાનો પ્રયત્ન કરો.

Set Reminder On Your Phone:
Every 48 Minutes
Cut Off Time with સંસાર અને
Connection time with my પ્રભુ !



Remember When

જ્યારે તમારા fieldમાં કોઈ તમારાથી વધારે આગળ હોય ત્યારે...

॥ उववूह ॥

-શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
અધ્યયન 28, ગાથા 31

પ્રભુએ કહ્યું છે,

કોઈપણ વ્યક્તિમાં qualitiesને જોઈને તેને appreciate કરવી.

કોઈપણ વ્યક્તિ કોઈને ત્યારે જ appreciate કરી શકે, જ્યારે તેના અંદર ગુણ દૃષ્ટિ હોય.

ગુણવાનને દરેક situation અને દરેક વ્યક્તિમાં ગુણ જ દેખાય.

જે કોઈના ગુણને જોઈ શકે, ગુણને appreciate કરી શકે તેની અંદર ગુણ પ્રવેશી શકે છે. જે જેટલી વધારે qualitiesને appreciate કરી શકે, તેના અંદર એટલી ગુણ વૃદ્ધિ થાય છે.

નાનામાં- નાના વ્યક્તિના પણ જે ગુણ જોઈ શકે અને જે appreciate કરી શકે તે સ્વયં ગુણવાન બની શકે છે.

યાદ રાખજે हे जीव!

એક ગુણ અનેક ગુણને જન્માવી શકે છે.
Everyday 5 વ્યક્તિના ગુણને appreciate કરવું,
જેથી automatically તમારા અંદર પણ
અનેક ગુણો વૃદ્ધિ પામશે.

જ્યારે પ્રભુ કે ગુરુના ઉપકારનું સ્મરણ થાય..

॥ ऊससिय रोमकूवो ॥

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર,
અધ્યયન 20, ગાથા 59

પ્રભુએ કહ્યું છે,

પ્રભુ કે ગુરુના દર્શન થવાના હોય ત્યારે સાડા ત્રણ કરોડ રોમરાય હર્ષિત થઈ જાય.

જ્યારે પણ ગુરુ કે પ્રભુના સાંનિધ્યમાં આવીએ, ત્યારે કાયાથી વંદના થાય તેની પહેલા તેમના દર્શન માત્રથી ભક્તના રોમ-રોમ આનંદથી પુલકિત થઈ જાય, હાથ જોડાઈ જાય અને તેમનું આખું અસ્તિત્વ વંદન કરવા લાગે.

જેમ ભગવાન મહાવીર નગરમાં પધારે અને સુલસાને કોઈએ કહેવું ન પડે પણ તેના રોમ-રોમમાં એટલો હર્ષ અનુભવાય કે આજે મારું સૌભાગ્ય છે, મારા પ્રભુ મારા દ્વારે આવ્યા છે.

આવા ઉત્સાહથી થતાં એકવારના દર્શન તમારા ભવોભવ સુધારી શકે છે.

યાદ રાખજે हे जीव!

સંસારના કાર્યો પ્રત્યેનો દરેક ઉત્સાહ
પાપ તરફ લઈ જાય, જ્યારે ગુરુ કે પ્રભુને પામવાનો
ઉલ્લાસભાવ તે પ્રભુ જેવા ગુણો આપણા જીવનમાં લાવે છે.
ગુરુ કે પ્રભુ પ્રત્યેના ઉત્કૃષ્ટ સંવેગથી ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય છે.

REMEMBER WHEN...

જ્યારે bad emotionsનો attack આવે ત્યારે,

कोहो पीइं पणासेइ, माणो विणय णासणो।
माया मित्ताणि णासेइ, लोहो सव्व विणासणो

- શ્રી દશવૈકાલિક સૂત્ર, અધ્યયન 8, ગાથા 38

પ્રભુ એ કહ્યું છે, ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, અહંકાર વિનયનો નાશ કરે છે. માયા (કપટ) મિત્રતાને તોડી નાખે છે, લોભ તમામ ગુણોનો વિનાશ કરે છે.

તારો પોતાનો experience પણ કહે છે ને, Emotionsનું end result પસ્તાવો જ હોય છે. તો શા માટે emotionsના જાળમાં ફરીથી ફસાવવાનું ?

યાદ રાખજે હે જીવ !

તમારું મન તમારા controlમાં રહેતું નથી.
હે આત્મન્ ! Check your life, તમારી સાથે શું બની રહ્યું છે ?
તમારા emotionsનું remote control તમારી પાસે છે કે પછી
તમારું remote control તમારા emotions પાસે છે ? ?

REVISIT WHEN...

જ્યારે તમને responsibilityના કારણે અસત્કાર્યમાં જોડાવું પડે ત્યારે

जे आसवा ते परिस्सवा, जे परिस्सवा ते आसवा

-શ્રી આચારાંગ સૂત્ર, અધ્યયન 4, ઉદ્દેસક 2

પ્રભુ એ કહ્યું છે, જે કર્મબંધનું કારણ છે તેને જ કર્મ નિર્જરાનું કારણ બનાવી શકાય છે.

એક જ વસ્તુ કે situation ઘણા માટે સારી હોય શકે અને ઘણા માટે ખરાબ પણ હોઈ શકે છે.

સમકિતી દરેક situationને right direction આપીને સમ્યક વિચાર સાથે તેને કર્મ નિર્જરાનું કારણ બનાવે છે. દશ્ય જોવાની આપણી દષ્ટિ બદલાય તો દશ્યનું પરિણામ બદલાય.

યાદ રાખજે હે જીવ !

કોઈપણ વ્યક્તિ, વસ્તુ કે situation સારી કે ખરાબ નથી હોતી,
પણ તમારી તેને જોવાની દષ્ટિ કેવી છે તેના પરથી વસ્તુ, વ્યક્તિ આપણા માટે સત્ કે અસત્ નિમિત્ત બને છે.
જે કર્મબંધનું કારણ હોય તે કર્મ નિર્જરાનું કારણ પણ બની શકે છે.

Recall When

જ્યારે નાના નાના દુ:ખમાં રડવું આવે અને problems સામે ડગી જાઓ ત્યારે

॥ देहदुक्खं महाफलं ॥

- શ્રી દશવૈકાલિક સૂત્ર, અધ્યયન 8, ગાથા 27

પ્રભુ એ કહ્યું છે,

દુ:ખ સહન કરવાથી મહાફળની પ્રાપ્તિ થાય છે.

ઘણા લોકો દુ:ખના પહાડને દૂરથી જોઈને જ ડરી જાય છે, ઘણા દુ:ખના એ પહાડ પર રડતા રડતા ચડે છે. દુ:ખ પર રડવું અને તેને બીજાને કહેવું, તે આપણા દુ:ખને multiply કરનાર છે.

પણ કોઈક જ વિરલ આત્માઓ એવા હોય, જે હસતાં-હસતાં અડગ વિશ્વાસ સાથે પહાડ પર ચડે છે કારણ કે, તેમને ખબર છે, દુ:ખનો દરેક પહાડ બરફથી બનેલો હોય છે, જે લાગે ઊંચો પણ લાંબો સમય ટકતો નથી.

યાદ રાખજે હે જીવ !

જ્યારે પણ કષ્ટ આવે, ત્યારે મારે થાકવું નથી, હારવું નથી
પણ પ્રભુના સૂત્રને યાદ કરવું છે, **अहियासए** - મારે દુ:ખોને, કષ્ટને સહન કરવા છે.

Resolution:

નાના નાના દુ:ખ અને કષ્ટ કોઈને કહીશ નહીં, કોઈ સામે રડીશ નહીં.
100 ડિગ્રી તાવ આવે ત્યાં સુધી કોઈને જાણ કરીશ નહીં.
દિવસમાં 10 કષ્ટો આવે ત્યાં સુધી કોઈને complain કરીશ નહીં.

Remember WHEN

જ્યારે તમને તમારું ધાર્યું કરવાનું મન થાય ત્યારે,

इच्छा उ आगाससमा अणंतिया

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન 9, ગાથા 48

પ્રભુ એ કહ્યું છે,

ઈચ્છા આકાશની જેમ અનંત છે, તેનો ક્યારેય અંત થતો નથી. જેમ આકાશની કોઈ સીમા નથી, તેમ ઈચ્છાની પણ કોઈ સીમા નથી હોતી. એક ઈચ્છા પૂરી થાય તો બીજી જન્મે, બીજી પૂરી થાય તો ત્રીજી જન્મે. Childhoodમાં toysની ઈચ્છા, મોટા થતા Mobile, Mobile મળ્યા પછી bike, bike પછી carની ઈચ્છા, દરેક ઈચ્છા પૂરી થવા પર સંતોષ નથી થતો પણ દરેક વખતે નવી ઇચ્છાનો જન્મ થાય છે.

અને જો ઈચ્છા પૂરી ન થાય તો frustration, negativity, anger, irritation જેવા અનેક emotions આપણને disturb કરે છે.

યાદ રાખજે હે જીવ!

ઇચ્છા જ ઇચ્છાની જનની છે.
સાચું સુખ ઈચ્છાઓને પૂરી કરવામાં નથી,
સાચું સુખ ઈચ્છાઓનો જ અંત કરી દેવામાં છે.
પ્રભુને પ્રાર્થના, 'હે પ્રભુ! મારી બસ એક જ ઈચ્છા છે કે મારી હવે કોઈ ઈચ્છા ન રહે!'

જ્યારે કોઈપણ fieldમાં શ્રેષ્ઠતાની, સુખની પ્રાપ્તિમાં તમે તમારી monopoly રાખો ત્યારે

असंविभागी ण हु तस्स मुक्खो

- શ્રી દશવૈકાલિક સૂત્ર, અધ્યયન 9, ઉદ્દેશક 2, ગાથા 23

પ્રભુ એ કહ્યું છે,

સંવિભાગ સિદ્ધિનું બીજ હોય છે.
મારા સુખમાં સહુનો ભાગ, મારા સુખની વહેંચણી સહુમાં કરું આવી ભાવના એટલે સંવિભાગ!
અસંવિભાગીનો મોક્ષ થતો નથી. **જે પોતાનો ભાગ અન્યને આપી શકે, તે ભાગ્યવાન બને છે**. જ્યારે વ્યક્તિ પ્રાપ્ત સુખ, ક્ષમતા કે આવડત પર પોતાનો અધિકાર કરે છે, ત્યારે તે સ્વયં સુખની પ્રાપ્તિને ગુમાવી દે છે.
સ્વાર્થી હમેશાં પોતાનો વિચાર કરે, મને શું મળ્યું?
જ્યારે સંવિભાગીને હમેશાં અન્યનો વિચાર આવે, હું અન્યને શું અર્પણ કરી શકું?

યાદ રાખજે હે જીવ!

જેના અંતરમાંથી અર્પણતાની ભાવના જાગે
તે સંવિભાગી હોય અને આજ જેની અંદર પોતાના
પહેલા અન્યનો વિચાર આવવા લાગે તેની અંદરમાં
જગત વાત્સલ્યની ભાવનાઓ વિકસવા લાગે.
જગત વાત્સલ્ય તે તીર્થંકરોનું પ્રથમ લક્ષણ છે
એટલે આજની સંવિભાગની ભાવના તે ભવિષ્યમાં
તીર્થંકર બનવાની secret key છે!

જ્યારે માર્ગમાં પ્રતિકૂળ વ્યક્તિ મળે ત્યારે

॥ साहिज्जे दिण्णे ॥

- શ્રી અંતગડ સૂત્ર
વર્ગ 3, અધ્યયન 8

પ્રભુ એ કહ્યું છે,

મને કષ્ટ દેનારા, મને સહાયતા આપનાર છે, મારા મહાન ઉપકારી છે.

પીડા આપનાર પરમાત્મા સમાન હોય છે કારણ કે તે મારા કર્મને ક્ષય કરવામાં સહાયક બને છે. માર્ગમાં સહાય કરનારનો સાથ કદાચ માર્ગ પૂરો થાય ત્યાં સુધી રહે, પણ માર્ગમાં બાધા રૂપ કાંટાનો ઉપકાર જીવનભર રહે છે કારણ તે સાવધાનીપૂર્વક ચાલતા શીખવાડે છે.

પ્રતિકૂળ વ્યક્તિ તો પરમ સહાયક હોય છે, જે મારા અશુભ કર્મોના ક્ષયમાં નિમિત્ત બને છે અને મારા અંદર રહેલી અનંત શક્તિનું મને દર્શન કરાવે છે.

યાદ રાખજે હે જીવ!

સાધનામાં માર્ગ પર જેટલા કર્મ ક્ષય કરનાર નિમિત્ત વધારે એટલો માર્ગ જલ્દી કપાય જાય !
આજથી મારે મારી દૃષ્ટિ બદલવી છે, મારે પ્રતિકૂળ દરેક વ્યક્તિને મારા પરમ સહાયક માનવા છે.

Revisit when,
જ્યારે તમારી જીદ પૂરી ન થાય, જ્યારે તમારો comfort zone disturb થાય ત્યારે

॥ खणमित्तसुक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अणिगामसुक्खा ॥

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન 14, ગાથા 13

પ્રભુ એ કહ્યું છે,

જે વસ્તુમાં અથવા જે વ્યક્તિ થકી સુખની અનુભૂતિ થાય છે તે કદાચ ક્ષણ માટે સુખી કરશે પણ પછી બહુ લાંબા કાળ સુધી દુ:ખી કરશે. વસ્તુનું સુખ, મેળવવામાં સુખ અલ્પ હોય પણ દુ:ખ અતિ હોય છે.

જો કોઈ બાળકને શરદી હોય અને તેને chocolate ખાવાનું મન થાય અને તે chocolate ખાય લે છે તો તેને કદાચ તે ક્ષણ માટે સુખની અનુભૂતિ થશે પણ તે તેના માટે લાંબા કાળની બિમારીના દુ:ખનું કારણ બની શકે છે.

Short term benefit હમેશા long – term loss કરાવે છે એવી રીતે સંસાર અને સંસારના દરેક સુખ તે chocolate જેવા જ હોય છે, જે અંતે દુ:ખી કરે છે.

યાદ રાખજે હે જીવ!

ક્ષણભરના સુખમાં બહુ અંજાઈ ન જવું.
સુખ માટે કરેલો દરેક પુરુષાર્થ અલ્પ સુખ અને ઘણું દુ:ખ આપનાર જ હોય છે. માટે પુરુષાર્થ કરવો તો ક્ષણજીવી સુખ નહીં ચિરંજીવી સુખ માટે કરવો !

Reflect When

જ્યારે **સત્કાર્ય** પહેલા **અન્ય કાર્ય મહત્વનું** લાગે ત્યારે,

॥ जा जा वच्चइ रयणी, ण सा पडिणियत्तइ
धम्मं च कुणमाणस्स, सफला जंति राइओ ॥

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન 14, ગાથા 25

પ્રભુ એ કહ્યું છે,

જે જે રાત્રિ અને દિવસ વીતે છે, તે ફરી પાછા આવતા નથી.

માટે, જે જીવ પોતાના દિવસ- રાત અધર્મમાં વિતાવે છે, તે સમયને નિષ્ફળ કરી દે છે પરંતુ જે દિવસ- રાત ધર્મમાં વિતાવે છે તે પોતાના સમયને સફળ અને સાર્થક બનાવે છે.

વિચાર કરો, સમય તો તમને પણ મળે છે અને સમય કીડી, મકોડા, પંતગિયાને પણ મળે છે, પણ શું તેઓ ધર્મ કરી શકે ? ના !

શા માટે ? કેમ કે, સમય મળ્યો હતો ત્યારે સમયનો અનાદર કર્યો હશે !

યાદ રાખજે હે જીવ !

સમય બધાને મળે છે પણ સમય હોય ત્યારે સમજ ન હોય અને સમજાય ત્યાં સુધી સમય પૂરો થઈ ગયો હોય..

મારે આ મનુષ્ય જીવનને સાર્થક કરવા priority list બનાવી,

આજથી કોઈપણ situationમાં ધર્મને 1st priority આપવી છે !

Every night 1 question to yourself:

મારો આજનો વિતેલો દિવસ વ્યર્થ ગયો કે worth થયો ?

મનુષ્ય ભવનું planning જ મનુષ્ય ભવની હર ક્ષણને સાર્થક બનાવે છે.

Resolution: મારા દરેક દિવસ- રાત્રિને સફળ બનાવવા દરરોજ એક સત્કાર્યમાં જોડાઈશ.

Revisit When

જ્યારે બાહ્ય મિત્રોની મિત્રતા છૂટતી દેખાય અને એકલતાનો અહેસાસ થાય ત્યારે...

तुममेव तुमं मित्तं, किं बहिया मित्तमिच्छसि ?

- શ્રી આચારાંગ સૂત્ર
અધ્યયન-3, ઉદ્દેશક-3

પ્રભુ એ કહ્યું છે, તું જ તારો મિત્ર છે. તું તારી મૈત્રીનો અનુભવ કર. બહારથી કોઈની મૈત્રી શા માટે શોધે છે ?

સિંહ હમેંશા એકલો જ હોય, તે ક્યારેય ટોળામાં ન હોય.

એમ સિંહ સમાન આત્માના સામર્થ્યનો તું અનુભવ કર. વિશ્વાસ રાખ, તું મહાપરાક્રમી છે. જેને પોતાના સામર્થ્ય પર વિશ્વાસ નથી હોતો તે બાહ્ય મિત્રની ઝંખના કરે છે.

યાદ રાખજે हे जीव!

તું અત્યારે એકલો નથી થયો, તને તારા
આત્મ સામર્થ્યને અનુભવવાનો અવસર પ્રાપ્ત થયો છે.
જગતથી મેળવેલો **support temporary હોય,**
સ્વયં થકી, સ્વયં દ્વારા મેળવેલા supportમાં
આત્મવિશ્વાસ હોય અને તે permanent હોય.

જ્યારે result માટે impatient થઈ જાવ ત્યારે...

मुहुं मुहुं मोह गुणे जयंतं

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
અધ્યયન 4, ગાથા 11

પ્રભુ એ કહ્યું છે,

સાધકે વારંવાર પોતાના મોહ આદિ અવગુણો પર વિજય મેળવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

આજની દુનિયામાં દરેક વ્યક્તિને fast અને instant resultની અપેક્ષા હોય છે. જેના કારણે એવા કાર્ય, projects કરશે જેમાં less efforts અને fast result મળતું હોય.

ભગવાન એ કહ્યું છે કે કોઈપણ વસ્તુનું result તરત ન મળે. ધીરે ધીરે કોઈપણ વસ્તુના, અવગુણના result સુધી પહોંચી શકીએ.

કોઈપણ બાળક એકવારમાં, એક દિવસમાં લખતા ન શીખી શકે, તેને વારંવાર તેની practice કરવી પડે. તેમ કોઈપણ weaknessને, પોતાના અવગુણને overcome કરવા, પોતાના મોહ પર વિજય મેળવવા વારંવાર પ્રયત્ન કરવો પડે છે ત્યારે તે weakness strength બને છે. ભગવાન મહાવીરને પણ મોહ પર વિજય મેળવવા માટે 12 1/2 વર્ષનો સમય લાગ્યો હતો.

યાદ રાખજે हे जीव!

પુરુષાર્થ કરવો તે તારું કર્તવ્ય છે.
સાધનાના માર્ગમાં વારંવાર ધીરજ સાથે
કરેલો પુરુષાર્થ અવગુણો પર વિજય પ્રાપ્ત કરાવે છે.

REFLECT WHEN...

જ્યારે ખોટું બોલીને સફળ બનવાનો માર્ગ સહજ લાગે ત્યારે...

॥ सादेव्वाणि य देवयाओ, करेंति सच्चवयणे रयाणं ॥

- શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર, શ્રુત સ્કંધ 2, અધ્યયન 2

પ્રભુ એ કહ્યું છે,

જે મનુષ્ય અડગતાપૂર્વક સત્ય બોલે છે, દિવ્ય શક્તિ પણ તેમની સેવા તથા સહાયતા કરે છે. સત્યનો ગુણ, વચન સિદ્ધિ અપાવે છે. તમે જે કહો, જેમ કહો, જેવું કહો, જ્યારે કહો- તે, તેમ, તેવું અને ત્યારે થવા લાગે છે.

તમે સત્ય પસંદ કરો છો, ત્યારે દિવ્ય શક્તિઓ પણ તમને પસંદ કરે છે.

સત્ય બોલનાર ક્યારેય જગતમાં એકલા હોતા નથી, સ્વયં ભગવાન તેની સાથે રહે છે.

યાદ રાખજે હે જીવ !

ભલે ખોટું બોલીને આગળ વધવાનો માર્ગ easy લાગે પણ સત્ય બોલીશ
તો માત્ર આગળ વધીશ જ નહીં, પણ આગળ ટકીશ પણ ખરા !
દરેક પરિસ્થિતિમાં સત્ય સાથે ઊભા રહેવાથી, સફળતા તમારો માર્ગ સામેથી શોધી લેશે.

REMEMBER WHEN...

જ્યારે તમે group chatમાં, officeમાં કોઈની પીઠ પાછળ gossip કરો અને લાગે 'Just time-pass કરું છું' ત્યારે...

॥ पिट्ठिमंसं ण खाएज्जा ॥

- શ્રી દશવૈકાલિક સૂત્ર, અધ્યયન 8, ગાથા 47

પ્રભુ એ કહ્યું છે, કોઈની પીઠ પાછળ તેની નિંદા કરવી એટલે તેના પીઠનું માંસ ખાવા બરાબર છે. જે વ્યક્તિ કાયર હોય તે પીઠ પાછળ વાર કરે એવી જ રીતે કોઈની negative વાત ત્રીજા વ્યક્તિને કરનાર પીઠ પાછળ વાર કરનાર દુર્જન હોય છે.

ઝાડમાં ફૂલ પણ હોય અને કાંટા પણ હોય. કોઈને કાંટા વાળું ઝાડ કેમ બનવું પડે ?

જે કોઈની નિંદા કરે છે, બીજાની negativity spread કરે છે, groupમાં ભેદ પાડે છે તેનું ભવિષ્ય કાંટાવાળા વૃક્ષ જેવું હોય. તે હંમેશા બીજાને વાગ્યા કરે, લોકો તેની સાથે રહેવું પસંદ ન કરે, તે બધા માટે અપ્રીતિનું કારણ બને છે. Back-biting કરવું તે શબ્દોથી થતી કોઈના વિશ્વાસની હિંસા છે. આ એક પ્રકારનું invisible પાપ છે.

યાદ રાખજે હે જીવ ! Gossiping તે તમારી physical અને social બંને healthને destroy કરે છે, કારણ કે gossiping કરનારના ભાવ negative થાય છે અને negative ભાવને કારણે hormonal imbalance થાય છે.

Recall When,
જ્યારે તમે રાત્રે સૂતા પહેલાં



Upcoming dayનું planning કરતાં હોય ત્યારે...

॥ किं मे कडं किं च मे किच्चसेसं ॥

- શ્રી દશવૈકાલિક સૂત્ર, ચૂલિકા 2, ગાથા 12

પ્રભુ એ કહ્યું છે,

જે મારા ઉપાસક હોય તે રાત્રે સૂતા પહેલા વિચાર કરે, મેં આજે મારા આત્મવિકાસ માટે શું કર્યું અને હજી શું કરવાનું બાકી છે ? એવી કઈ આત્મિક qualities છે, જેના પર મારે workout કરવાની જરૂર છે ? એવા કયાં શુભ કાર્યો છે,કયા શુભ ભાવો છે જે હું આજે કરવા સક્ષમ હતો પણ મેં નથી કર્યા, જે હેતુથી જે કાર્ય કરવાના હતા તે હેતુ સર્યો કે નહીં ?

જો આજે હું ચિંતન મનન કરી શકું તેવું મન મળ્યું છે, તો કેમ તેનો સદુપયોગ ન કરી લઉં ? અને માટે જ સવારે ઊઠીને સહુથી પહેલો વિચાર શું કરવાનો ? આજે હું અન્યને કઈ રીતે મદદરૂપ થઈ શકું ! ? આજે હું બીજા માટે શું કરી શકું ?

જેને સવારે ઉઠતાંની સાથે જ પોતાના પહેલા અન્યને સહાયક થવાનો વિચાર આવે તે મનુષ્ય ભવને સાર્થક કરી શકે છે. કારણ કે, આત્માર્થ સાથે પરમાર્થ તે જ પ્રભુના યથાર્થ ઉપાસકની ઓળખ હોય છે !

યાદ રાખજે હે જીવ !

તમે જ તમારા guide અને તમે જ તમારા saviour!
તમારું self analysis જ તમને શ્રેષ્ઠ બનાવશે,
તમારું સમય સમયનું self introspection જ
તમારા Successના steps બનશે !
આ જગતમાં આજ સુધી અનેકને મળી લીધું
આજથી પોતાના આત્માને મળવાની શરૂઆત કરી દો !

Resolution: Set timetable for yourself to upgrade your inner qualities

Monday - કોઈપણ situationમાં હું ગુસ્સો નહીં કરું !

Tuesday - કોઈપણ situationમાં હું રડીશ નહીં !

Wednesday - આજે કોઈક needyને food જમાડીને જ officeએ જઈશ !

Thursday - આજે પરમ ગુરુદેવની જેમ બધા પ્રત્યે positive રહીશ, કોઈના પ્રત્યે પણ negative નહીં થાવ

Friday - આજે કોઈપણ situationમાં નિરાશ નહીં થાવ always smiling રહીશ.

Saturday - આજે દિવસનો 1 કલાકનો સમય અન્યને સહાયક બનવા માટે આપીશ.

Sunday - અન્ય અજાણ્યાના હસ્તે સત્કાર્ય કરાવી એમને પુણ્યવાન બનવાની તક આપીશ.

Recall When

જ્યારે કોઈનું appreciation ગમવા લાગે અને કોઈનું ignorance અકળાવે ત્યારે...

वंदिओ ण समुक्कसे

શ્રી દશવૈકાલિક સૂત્ર
અધ્યયન 5, ઉદ્દેશક 2, ગાથા 30

પ્રભુ એ કહ્યું છે,

જ્યારે માન-સન્માન મળે, ત્યારે ખુશ ન થવું, જ્યારે અપમાન મળે, ત્યારે દુ:ખી ન થવું. કારણ કે, સન્માન મળે તો Ego satisfy થાય છે અને અપમાન મળે તો ego hurt થાય છે.

સન્માન મળવાથી વ્યક્તિ superior feel કરવા લાગે અને અપમાન મળવાથી inferiority complex આવી જાય. બંને જ વ્યક્તિ માટે પતનનું કારણ બને છે.

માટે ભગવાનએ કહ્યું છે, જે માન અને સન્માન બન્નેમાં સમાન રહી શકે, તે જીવનના કોઇપણ stageમાં સ્થિર રહી શકે છે.

યાદ રાખજે हे जीव!

Ego root છે,
માન - અપમાન તેના Fruits છે.
Fruit તોડવાથી, fruits ફરી આવે છે
પણ rootsને દૂર કરવાથી
fruits ક્યારેય ન આવે.

Resolution :
મારે મારી અંદર કેટલો ego છે તે check કરવા, every Weekમાં one day નાના નાના કાર્યો કરવા છે - streetમાં cleaning, servantને પાણી આપીશ, servantના ચપ્પલ clean કરી મારા અહંકાર રૂપી અરિને દૂર કરવા પુરુષાર્થશીલ બનીશ.

Remember When

તમને તમારા કોઈ
દુખનું કારણ જાણવું હોય ત્યારે

|| मुच्छा परिग्गहो वुत्तो ||

-શ્રી દશવૈકાલિક સૂત્ર, અધ્યયન 6, ગાથા 21

પ્રભુ એ કહ્યું છે,

વસ્તુ, વ્યક્તિ કે આપણા વિચારો પ્રત્યેનું attachment તેને ભગવાનએ પરિગ્રહ કહ્યો છે.

પરિગ્રહથી મુક્ત થવા, કોઈપણ વસ્તુ કે વ્યક્તિની માત્ર present અવસ્થા નહીં પણ past અને future અવસ્થા પણ જોવામાં આવે તો તેના પ્રત્યેનું attachment automatically છૂટવા લાગે.

જ્યાં સુધી આપણે વર્તમાનને જ જોઈએ છે ત્યાં સુધી તે વસ્તુ અને વ્યક્તિ સારી અને મારી છે, તેવો ભ્રમ થાય છે પણ જ્યારે ભ્રમ તૂટે છે ત્યારે દુ:ખ થાય છે અને માટે જ પરિગ્રહ દુખનું કારણ છે.

જ્યારે વસ્તુની reality ખબર હોય કે અત્યારે જે dress મને સારો લાગે છે તે 2 years પછી ફાટી પણ શકે છે અને colour fade પણ થઈ શકે છે, તો દુ:ખ ન થાય અને તેના પ્રત્યે વધારે attachment ન થાય.

સમય ભ્રમ છોડાવે તે પહેલા સમજથી ભ્રમ છોડવો જોઈએ.

યાદ રાખજે હે જીવ !

જે અંતે છૂટવાનું જ છે તેમાં આસક્ત રહેવું તે અજ્ઞાનતા છે.
Attachment પરિગ્રહ છે અને પરિગ્રહ જ આપણા દુ:ખનું કારણ છે.
માટે, વસ્તુ, વ્યક્તિ અને સંબંધો ભલે ન છૂટે પણ આજથી
તેના પ્રત્યેની feelings, આસક્તિના ભાવને ઘટાડવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

SAIYAM

My Invisible Superpower!

I LOVE CHOCOLATES

GAMES

TALKING a lot

Hello!
I am just like you.

But sometimes..

I eat too much
shout too loud
get angry

That's when
I discovered something special.
It is called SAIYAM.

Saiyam is not about saying "NO" all the time. It is about saying "YES" to good choices.

When I use Saiyam,

I FEEL
CALM, HAPPY, STRONG INSIDE

SAIYAM means:

- STOPPING for a moment
- THINKING before acting
- CHOOSING what is right

That's why Saiyam is my invisible **SUPER POWER.**

- Advt

WHAT IS SAIYAM?

Saiyam means self-control.
Saiyam means having control over our mind, speech and actions.

When Mind says:

I want...
to eat chocolates
to play Video Games
to fight

SAIYAM =
Smart Control,
not Stoping Fun!

And you say: "Wait a moment, let's think first."

That is called SAIYAM!

SAIYAM IS
LIKE A GAME SKILL!
Just like games have
powers.

SPEED

SHIELD

FIRE POWER

A child who learns Saiyam
wins the life game easily!

In the game of life, we have
SAIYAM POWER

- Advt

I want pizza, Burger and Chocolate
HUNGRY MOSTER ATTACK? DON'T WORRY
“Wait for 15 minutes.” “Drink water.” “Take a deep breath.”
Captain
saiyam
Yes, I can do it! I can Smartly Control my Hunger! Thank You Captain
Captain
Saiyam
Hot Weather CHALLENGE? DON'T WORRY
It's very hot. “Turn on AC!” “Put the fan on full!”
“Bear it for 10 minutes” “Do deep breathing”
Captain
saiyam
Yes, I can do it! I have become stronger. I can Handle a little discomfort!
Captain
Saiyam
- Advt

The screen says:
“Just one more reel..”
“Just one more game..”
But time is over.
“Time’s Up!
Phone off”
Power Gained!
THE MOBILE
ZOMBIE FIGHT?
TIME IS OVER
Captain
saiyam
FOCUS
Yes, I can do it!
Focus, Smart brain,
Time control.
Zombie defeated!
Captain
Saiyam

THE ANGER
DRAGON?
“Think”
“Speak Calmly”
SHOUT!
FIGHT!
Let’s think
about it..
Captain
saiyam
Yes, I can do it!
Magic happens,
Fight end, make friends.
Respect earned!
Captain
Saiyam

- Advt

SAHAKARMITA

With Param Gurudev

"When I Pause,
GURUDEV Walks with Me"

He says,
"When you
control yourself,
you come
closer to me."
This is called
SAHAKARMITA

O GURUDEV,
ON YOUR
SAIYAM JAYANTI
TO DO SAHAKARMITA

I PROMISE

- I will pause before reacting.
- I will listen to elders.
- I will remember You.
- I will control my anger, greed and laziness.
- I will become a strong and happy hero!
- I will try to follow Saiyam every day with a smile.

"We promise to walk on your
path of peace and purity.
Gurudev, bless us so that
Saiyam becomes our way of life.

- Advt

SAIYAM SNAKE & LADDER GAME

RULES

Roll the dice and move forward.

Land on a ladder - climb up!

Land on a snake - slide down

First to reach 100 wins the title "SAIYAM HERO!"

Extra Twist

Guru's Blessing Squares:

If a child lands here, they get an extra turn.

Reflection Squares:

Kids pause and say one way they showed Saiyam today before rolling again.



Ladders represent positive Saiyam actions:

15. Sharing toys
18. Listening to Guru
40. Listening to Teacher
66. Waiting patiently
83. Controlling anger

Snakes represent impulsive actions:

31. Shouting at friends
39. Grabbing without asking
69. Not obeying teachers
84. Wasting food
93. Disrespecting parents

- Advt

મારું આત્માગમ

विवत्ती अविणीयस्स, संपत्ती विणियस्स य
અવિનીતના જીવનમાં વિપત્તિ આવે છે અને વિનીતને દરેક જગ્યાએ સફળતા મળે છે.

पत्तेयं पुण्णपावं દરેક વ્યક્તિના પુણ્ય અને પાપ પોતાના જ હોય છે.

जाए सद्धाए णिक्खंतो, तमेव अणुपालिया
જે કાર્યનો શ્રદ્ધા અને ઉત્સાહથી પ્રારંભ કરો, તેને અંત સુધી એ જ નિષ્ઠા અને નિયમિતતાથી નિભાવવું જોઈએ.

अट्ठजुत्ताणि सिक्खिज्जा, णिरट्ठाणि उ वज्जए અર્થને પકડો; વ્યર્થને છોડો.

कोहो पीइं पणासेइ, माणो विणय णासणो । माया मित्ताणि णासेइ, लोहो सव्व विणासणो ।।
ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, અહંકાર વિનયનો નાશ કરે છે.
માયા (કપટ) મિત્રતાને તોડી નાખે છે, લોભ તમામ ગુણોનો વિનાશ કરે છે.

अभिक्खणं काउसग्गकारी વિચારોથી disconnect થવા વારંવાર કાઉસગ્ગ કરવો જોઈએ.

खणमित्तसुक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अणिगामसुक्खा
કોઈપણ ભૌતિક પ્રાપ્તિ ક્ષણિક સુખ અને લાંબા સમય માટે દુ:ખ આપનાર હોય છે.

उववूह કોઈપણ વ્યક્તિમાં ગુણો જોઈને, તેમને appreciate કરવું જોઈએ.

जा जा वच्चइ रयणी, ण सा पडिणियत्तइ। धम्मं च कुणमाणस्स, सफला जंति राइओ ।।
જે જે રાત્રિ અને દિવસ વીતે છે, તે ફરી પાછા આવતા નથી, ધર્મમાં વિતેલ રાત્રિઓ સફળ થાય છે.

जे आसवा ते परिस्सवा, जे परिस्सवा ते आसवा જે કર્મબંધનું કારણ છે તેને જ કર્મ નિર્જરાનું કારણ બનાવી શકાય છે.

देहदुक्खं महाफलं દુ:ખ સહન કરવાથી મહાફળની પ્રાપ્તિ થાય છે.

इच्छा उ आगाससमा अणंतिया। ઈચ્છા આકાશની જેમ અનંત છે, તેનો ક્યારેય અંત થતો નથી.

असंविभागी ण हु तस्स मुक्खो અસંવિભાગીનો મોક્ષ થતો નથી.

मुहुं मुहुं गुणे जयंतं સાધકે વારંવાર પોતાના મોહ આદિ અવગુણો પર વિજય મેળવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

साहिज्जे दिण्णे મને કષ્ટ દેનારા, મને સહાયતા આપનાર છે, મારા મહાન ઉપકારી છે.

किं मे कडं, किं च मे किंच्चसेसं

રાત્રે સુતા પહેલા વિચાર, મેં આજે મારા આત્મવિકાસ માટે શું કર્યું અને હજી શું કરવાનું બાકી છે ??

सादेव्वाणि य देवयाओ, करेंति सच्चवयणे रयाणं

જે મનુષ્ય અડગતાપૂર્વક સત્ય બોલે છે, દિવ્ય શક્તિ પણ તેમની સેવા તથા સહાયતા કરે છે.

पिट्ठी मंसं ण खाएज्जा કોઈની પીઠ પાછળ તેની નિંદા કરવી એટલે તેના પીઠનું માંસ ખાવા બરાબર છે.

तुममेव तुमं मित्तं, किं बहिया मित्तमिच्छसि ?

તું જ તારો મિત્ર છે. તું તારી મૈત્રીનો અનુભવ કર. બહારથી કોઈની મૈત્રી શા માટે શોધે છે ?

वंदिओ ण समुक्कसे જ્યારે માન-સન્માન મળે, ત્યારે ખુશ ન થવું, જ્યારે અપમાન મળે, ત્યારે દુ:ખી ન થવું.

मुच्छा परिग्गहो वुत्तो મમત્વ પરિગ્રહનું કારણ છે.

ભાવભરી ભાવાંજલિ

શ્રીમતી હંસાબેન નટુભાઈ ચોકસી

જન્મ : 07/09/1956

શ્રીજી શરણ : 15/01/2026

'આયુષ્ય જ્યારે પૂરું થવાનું હોય ત્યારે કોઈ ઔષધ કામ નથી કરતું !'
દેવાનુપ્રિયા શ્રી હંસાબેનની વિદાય એટલે એક સહયાત્રીની, એક 'મા'ની, એક 'સ્વજન'ની વિદાય.
વિદાયની વેદના એ અકલ્પનીય સંવેદનાઓની ક્ષણ હોય છે.

સત્ય એ છે કે, જિંદગી એક સફર છે અને આ સફરમાં જેમનું station આવે છે, તે ઉતરી જાય છે.
આજે એમનું station આવ્યું છે, ક્યારેક મારું station આવશે માટે નિયતિનો સ્વીકાર કરવો એ જ સાચી સમજ છે.
આ સત્યથી સંવેદનાઓને સમજનું બળ મળે છે અને વિદાયની વેદનામાંથી બહાર આવી શકાય છે.

દેવાનુપ્રિયા હંસાબેનનો પરિવાર પ્રત્યેનો પ્રેમ અને સંતો પ્રત્યેની સેવા ભક્તિના ગુણોમાંથી પ્રેરણા લઈ
એમના ગુણોને અનુભવતા અનુભવતા એમના જેવા ગુણો પ્રગટ કરવા એ જ સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી કહેવાય !

એમનો આત્મા જ્યાં પધારે ત્યાં તેમને ધર્મમય પરિવાર મળે
અને પરમાત્માના ચરણ-શરણ પામી, પરમ પદને પામે એ જ ભાવથી ભાવાંજલિ !

RNI NO. MAHGUJ/2008/37878

ARHAM YUVA SEVA GROUP
PAROPKAR SE PARMATMA

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી મકરસંક્રાંતિ પર્વે અનેક પક્ષીઓને સુયોગ્ય સારવાર એવમ 36મી Arham Animal Ambulanceનું લોકાર્પણ

ALWAYS CARE
ANIMAL CARE CENTRE

અર્હમ યુવા સેવા Groupના પુરુષાર્થથી તેમજ કરુણા Foundation અને જીવદયાપ્રેમી ભાવિકોના વિશેષ સહયોગથી દર વર્ષની જેમ આ વર્ષે પણ મકરસંક્રાંતિના દિવસોમાં મુંબઈ, હૈદ્રાબાદ, કચ્છ, ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક ક્ષેત્રોમાં આયોજિત 'અર્હમ જીવદયા અભિયાન' અંતર્ગત આયોજિત જીવદયા camp તેમજ અનેક ક્ષેત્રોમાં કાર્યરત રહેતી 35 "Arham Animal Ambulance"ના માધ્યમે પતંગની દોરીથી ઘવાયેલાં 250થી વધુ પક્ષીઓને તાત્કાલિક અને સુયોગ્ય સારવાર આપવામાં આવી.

પર્વ સંપન્ન થયા પછી પણ Drone Camera દ્વારા ઊંચા ઝાડ, ઊંચી buildingsમાં ફસાએલાં પક્ષીઓને બચાવવાનો ભગીરથ પુરુષાર્થ કરવામાં આવેલ.

લોકાર્પણ કરતાં ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી આશિષકુમાર દવે તથા શ્રી ધવલભાઈ દવે

દેશના 15થી વધુ શહેરોમાં કાર્યરત 35 arham animal Ambulances દ્વારા દરરોજ 350થી વધુ ઘાયલ અને વેદનાગ્રસ્ત અબોલ પશુ-પંખીઓને નિ:શુલ્ક, તાત્કાલિક સારવારના સફળ પ્રયાસ બાદ **ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં 36મી Arham Animal Ambulanceનું લોકાર્પણ**

Printed & Published by : Deepak K. Bhayani on behalf of Jain Kranti, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.
Printed at : Arihant Printing Press, B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075, Maharashtra.
Edited by : Deepak K. Bhayani, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.